આદિ શંકરાચાર્ય વિરચિત

# તત્વ બોધ

અનુવાદ અને સંકલન

**શ્રી ગોર**




આદિ શંકરાચાર્ય વિરચિત

# તત્ત્વ બોધ

અનુવાદ અને સંકલન

**શ્રી ગોર**



**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧

**www.shreegorji.org**



# તત્વ બોધ

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૨૦૦૦

દ્વિતીય આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૨૦૧૭

મૂલ્ય : **સદ્‌ભાવના**

પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત)
પીન : ૩૬૩ ૬૪૧
**www.shreegorji.org**

તત્ત્વબોધ:

## મંગલાચરણ

वासुदेवेन्द्रयोगीन्द्रं नत्वा ज्ञानप्रदं गुरुम् ।
मुमुक्षूणां हितार्थाय तत्त्वबोघोऽभिधीयते ।।

આત્મજ્ઞાનનું દાન કરનારા ભગવાન શ્રી વાસુદેવ તથા સદ્‌ગુરુ શ્રી ગોવિંદ ભાગવત્ પાદને પ્રેમપૂર્વક નમન કરીને મુમુક્ષુનાં હિત માટે આ તત્ત્વબોધની રચના કરું છું.

## અધિકારી

साधन चतुष्टय सम्पन्नाधिकारिणां ।
मोक्ष साधनभूतं तत्त्वविवेक प्रकारं वक्ष्यामः ।।

હવે, ચાર સાધનોથી સંપન્ન એવા અધિકારી માટે મોક્ષનાં સાધનરૂપ તત્ત્વના વિવેકનો પ્રકાર કહેવામાં આવશે.

साधन चतुष्टयं किम् ।

આ ચાર સાધન તે કયા ?



नित्यानित्य वस्तु विवेक: ।
નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક.

इहामुत्रार्थफलभोगविराग: ।
આ લોક તથા પરલોકનાં સુખ ભોગ પ્રત્યે વૈરાગ્ય.

शमादि षट्कसम्पत्ति: ।
શમ, દમ... વગેરે ષટ્ સંપતિ.



मुमुक्षुत्वं चेति ।
તથા મુમુક્ષુપણું.

नित्यानित्य वस्तु विवेक: क:।
નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક એ કયો ?

नित्यवस्त्वेकं ब्रह्म तद्व्यतिरिक्तं सर्वमनित्यम् ।
अयमेव नित्यानित्यवस्तुविवेक: ।
એક બ્રહ્મ જ નિત્ય છે,
તેના સિવાયનું સર્વ કાંઈ અનિત્ય છે.
આવો વિવેક એ નિત્યાનિત્ય વસ્તુ વિવેક કહેવાય છે.

विरागः कः ।

વૈરાગ્ય એટલે શું ?

इहस्वर्गभोगेषु इच्छाराहित्यम् ।

પૃથ્વી તથા સ્વર્ગના સુખ ભોગો માટેનું ઈચ્છારહિતપણું.

शमादिसाधनसम्पत्तिः का ।

શમ, દમ.... વગેરે સાધન સંપતિ કઈ કઈ ?

शमो दम उपरमस्तितिक्षा श्रद्धा समाधानं चेति ।

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન...

આ છ ષટ્ સંપતિ કહેવાય છે.



शमः कः ।

શમ એટલે શું ?

मनोनिग्रहः ।

મનનો નિગ્રહ કરવો તે.

दमः कः ।

દમ એટલે શું ?

चक्षुरादिबाह्येन्द्रियनिग्रहः ।

આંખ, કાન વગેરે બાહ્યેન્દ્રિયોનો નિગ્રહ કરવો તે દમ.

उपरमः कः ।

ઉપરામપણું એટલે શું ?



स्वधर्मानुष्ठानमेव ।

સ્વધર્મનું અનુષ્ઠાન કરવું તે.

तितिक्षा का ।

તિતિક્ષા એટલે શું ?

शीतोष्णसुखदुःखादिसहिष्णुत्वम् ।

ઠંડી-ગરમી, સુખ-દુઃખ... વગેરે શાંતિથી સહન કરવા તે.

श्रद्धा कीदृशी ।

શ્રદ્ધાનું સ્વરૂપ શું છે?

गुरुवेदान्तवाक्यादिषु विश्वास: श्रद्धा ।
ગુરુ તથા વેદાંત વાક્યો... વગેરેમાં વિશ્વાસ હોવો તે.

समाधानं किम् ।
સમાધાન એટલે શું ?

चित्तैकाग्रता ।
ચિત્તની એકાગ્રતાને સમાધાન કહેવાય છે.

मुमक्षुत्वं किम् ।
મુમુક્ષુપણું એટલે શું ?

'मोक्षो मे भूयाद्' इति इच्छा ।
'મારો મોક્ષ થાઓ' એવી ઉત્કંઠા.

एतत्साधनचतुष्टयम् ।
આ ઉપર કહ્યાં, તે ચાર સાધનો મોક્ષ મેળવવા માટે છે.

ततस्तत्त्वविवेकस्य अधिकारिणो भवन्ति ।
આ પછી- તત્ત્વવિવેકનાં અધિકારી થવાય છે.

# આત્મતત્ત્વવિવેક

तत्त्वविवेक: क: ।

તત્ત્વ વિવેક એટલે શું ?

आत्मा सत्यस्तदन्यत् सर्वं मिथ्येति ।

કેવળ આત્મા સત્ય છે, તે સિવાયનું બધુ જ મિથ્યા છે, એવો દ્દઢ નિશ્ચય.

आत्मा क: ।


આત્મા એટલે શું ?



स्थूलसूक्ष्मकारणशरीराद्व्यतिरिक्त: पंचकोशातीत:
सन् अवस्थात्रयसाक्षी सच्चिदानन्दस्वरूप:
सन् यस्तिष्ठति स आत्मा ।।

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી નોખો,
અન્નમય...વગેરે પાંચ કોશોથી પર અને જાગ્રત,
સ્વપ્ન અને નિદ્રા એ ત્રણે અવસ્થાઓના સાક્ષી એવો
સચ્ચિદાનંદ સ્વરૂપવાળો જે છે, તે આત્મા કહેવાય છે.


स्थूलशरीरं किम् ।
સ્થૂળ શરીર કયું ?



पंचीकृतपंचमहाभूतैः कृतं सत्कर्मजन्यं
सुखदु:खादिभोगायतनं शरीरं, अस्ति जायते वर्धते
विपरिणमते अपक्षीयते विनश्यतीति
षड्विकारवदेतत्स्थूलशरीरम् ।।

પંચીકૃત પાંચ મહાભૂતો વડે સંયોજાયેલું અને કર્મથી ઉપજેલું તથા સુખ-દુઃખ... વગેરે ભોગવવાનું સ્થાન તે સ્થૂળ શરીર કહેવાય છે. જે જણાય છે, જન્મે છે, વધે છે, વિપરિમાણ પામે છે, ઘટવા લાગે છે ને નાશ પામે છે. આ છ વિકારોવાળું સ્થૂળ શરીર કહેવાય છે.

सूक्ष्मशरीरं किम् ।
સૂક્ષ્મ શરીર કયું ?



अपंचीकृतपंचमहाभूतैः कृतं सत्कर्मजन्यं सुखदुःखादिभोग
साधनं पंचज्ञानेन्द्रियाणि पंचकर्मेन्द्रियाणि पंच प्राणादयः
मनश्चैकं बुद्धिश्चैका एवं सप्तदशकलाभिः
सह यस्तिष्ठति तत्सूक्ष्मशरीरम् ।।

અપંચીકૃત મહાભૂતોથી ઉપજેલું તથા પૂર્વનાં સત્કર્મો થકી નીપજેલું સુખ-દુઃખ વગેરે ભોગોનું સાધન એવું આ સૂક્ષ્મ શરીર છે, જે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, એક મન અને એક બુદ્ધિ એમ સત્તર કલાઓ ધારણ કરીને રહે છે.

श्रोत्रं त्वक् चक्षुः रसना घ्राणमिति पंच ज्ञानेन्द्रियाणि ।।

કાન, ચામડી, આંખ, જીભ અને નાક આ
પાંચ જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે.



श्रोत्रस्य दिग्देवता ।

કાનનાં દેવતા દિશાઓ છે.

त्वचो वायु: ।


ચામડીનાં દેવતા વાયુદેવ છે.

चक्षुष: सूर्य: ।

આંખનાં દેવતા સૂર્યદેવ છે.

रसनाया: वरुण: ।

જીભનાં દેવતા વરુણ છે.



घ्राणस्य अश्विनौ ।

નાસિકાનાં દેવતા અશ્વિનીકુમારો છે.

इति ज्ञानेन्द्रियदेवता: ।

આ પ્રમાણે જ્ઞાનેન્દ્રિયોનાં દેવતાઓ હોય છે.

श्रोत्रस्य विषय: शब्दग्रहणम् ।

કાનનો વિષય શબ્દ છે.

त्वचो विषय: स्पर्शग्रहणम् ।

ચામડીનો વિષય સ્પર્શ છે.



चक्षुषो विषयः रूपग्रहणम् ।

આંખ નો વિષય રૂપ છે.

रसनाया विषयः रसग्रहणम् ।

જીભનો વિષય રસ (સ્વાદ) છે.


घ्राणस्य विषयः गन्धग्रहणं इति ।

અને નાકનો વિષય ગંધ છે.

वाक्पाणिपादपायूपस्थानीति पंचकर्मेन्द्रियाणि ।

વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો કહેવાય છે.





वाचो देवता वह्निः ।
વાણીનો દેવ અગ્નિ છે.

हस्तयोरिन्द्रः ।
હાથનો દેવ ઈન્દ્ર છે.

पादयोर्विष्णुः ।
પગનાં દેવ વિષ્ણુ છે.

पायोर्मृत्युः।
ગુદાનાં દેવ મૃત્યુ (યમ) છે.

उपस्थस्य प्रजापतिः ।
ઉપસ્થ(જનેન્દ્રિય)નાં દેવતા પ્રજાપતિ છે.

इति कर्मेन्द्रियदेवताः ।
આ પ્રમાણે કર્મેન્દ્રિયોનાં દેવતાઓ છે.

वाचो विषयः भाषणम् ।
વાણીનો વિષય ‘બોલવું’ છે.

पाण्योर्विषयः वस्तुग्रहणम् ।

હાથનો વિષય છે : વસ્તુનું ગ્રહણ કરવું તે.

पादयोर्विषयः गमनम् ।

પગનો વિષય 'જવું' તે છે.

पायोर्विषयः मलत्यागः ।

ગુદાનો વિષય મળત્યાગ છે.

उपस्थस्य विषयः आनन्दः इति ।

અને, ઉપસ્થનો વિષય આનંદ છે.

कारणशरीरं किम् ।

કારણ શરીર કોને કહેવાય ?



अनिर्वाच्यानाद्यविद्यारूपं शरीरद्वयस्य कारणमात्रं सत् स्वरूपाज्ञानं निर्विकल्पकरूपं यदस्ति तत्कारणशरीरम् ।

જે અનિર્વાચ્ય (કહી શકાય નહીં એવું), અનાદિ, અવિદ્યા (માયા) રૂપ, સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે શરીરોનાં કારણરૂપ, પોતાના સત્ સ્વરૂપનું અજ્ઞાન, જે નિર્વિકલ્પરૂપ છે, તેને કારણ શરીર કહેવામાં આવે છે.

अवस्थात्रयं किम् ।

ત્રણ અવસ્થાઓ, તે કઈ કઈ ?

जाग्रत्स्वप्नसुषुप्तयवस्थाः ।

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ.

जाग्रदवस्था का ।

જાગ્રત અવસ્થા કઈ ?



श्रोत्रादिज्ञानेन्द्रियैः शब्दादिविषयैश्च ज्ञायते
इति यत्सा जाग्रदवस्था ।
જે અવસ્થામાં કાન... વગેરે જ્ઞાનેન્દ્રિયો દ્વારા શબ્દ...
ઈત્યાદિ વિષયો અનુભવાય છે,
તે અવસ્થાને જાગ્રત અવસ્થા કહે છે.

स्थूलशरीराभिमानी आत्मा विश्व इत्युच्यते ।
સ્થૂળ શરીર સાથે તાદાત્મ્ય અનુભવતા આત્માને
‘વિશ્વ’ કહેવાય છે.

स्वप्नावस्था केति चेत् ।
સ્વપ્ન અવસ્થા એટલે કઈ અવસ્થા ?

जाग्रदवस्थायां यद्दृष्टं यच्छुतं तज्जनितवासनया
निद्रासमये यः प्रपंचः प्रतीयते सा स्वप्नावस्था ।
જાગ્રત અવસ્થામાં જે કાંઈ જોયું કે સાંભળ્યું હોય, તે
થકી ઉપજેલી વાસના દ્વારા નિદ્રા વખતે જે પ્રપંચ
પ્રતીત થાય છે, તે અવસ્થાને સ્વપ્નાવસ્થા કહે છે.



सूक्ष्मशरीराभिमानी आत्मा तैजसः इति उच्यते ।
સૂક્ષ્મ શરીર સાથે તાદાત્મ્ય અનુભવતા આત્માને 'તૈજસ' કહેવામાં આવે છે.

अतः सषुप्त्यवस्था का ।
તો પછી, સુષુપ્ત અવસ્થા કઈ ?

अहं किमपि न जानामि सुखेन मया
निद्राऽनुभूयत इति सुषुप्त्यवस्था ।
જે અવસ્થા વિશે પાછળથી એમ કહેવાય કે,- 'હું કાંઈ જાણતો નહોતો, હું સુખેથી ગાઢ નિદ્રામાં સુતો હતો' એ અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહેવાય છે.

कारणशरीराभिमानी आत्मा प्राज्ञ इत्युच्यते ।
કારણ શરીર સાથે તાદાત્મ્ય અનુભવતા આત્માને 'પ્રાજ્ઞ' કહેવામાં આવે છે.

पंचकोशाः के ।
પાંચ કોશો તે કયા કયા ?





अन्नमय: प्राणमय: मनोमय: विज्ञानमय: आनन्दमयश्चेति।

અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય
અને આનંદમય કોશ.

अन्नमय: क: ।

અન્નમય કોશ કયો ?

अन्नरसेनैव भूत्वा अन्नरसेनैव वृद्धिं प्राप्य अन्नरूपपृथिव्यां
यद्विलीयते तदन्नमय: कोश: स्थूलशरीरम् ।
જે અન્નના રસથી ઉત્પન્ન થાય છે, અન્નનાં રસથી વૃદ્ધિ
પામે છે અને અન્નરૂપ પૃથ્વીમાં અંતે વિલીન થાય છે,
તે અન્નમય કોશ - આ સ્થૂળ શરીર જ છે.

प्राणमय: क : ।

પ્રાણમય કોશ કયો ?

प्राणाद्या: पंचवायव: वागादीन्द्रियपंचकं प्राणमय: कोश: ।

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન તથા સમાન...એ પાંચ વાયુઓ અને વાણી, હાથ, પગ, ગુદા તથા ઉપસ્થ... એ પાંચ કર્મેન્દ્રિયોને પ્રાણમય કોશ કહે છે.

मनोमय: कोश: क: ।

મનોમય કોશ કયો કહેવાય ?

मनश्च ज्ञानेन्द्रियपंचकं मिलित्वा यो भवति स मनोमय: कोश: ।

મન તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો... આંખ, કાન, નાક, જીભ અને ત્વચા મળીને જે બને છે, તેને મનોમય કોશ કહે છે.



विज्ञानमय: क: ।

विज्ञानमय કોશ એટલે શું ?

बुद्धिश्च ज्ञानेन्द्रियपंचकं मिलित्वा यो भवति स

विज्ञानमय: कोश: ।

બુદ્ધિ તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને

વિજ્ઞાનમય કોશ બને છે.



आनन्दमय: क: ।

આનંદમય કોશ કયો ?

एवमेव कारणशरीरभूताविद्यास्थ मलिनसत्त्वं

प्रियादिवृत्तिसहितं सत् आनन्दमय: कोश: ।

કારણ શરીરરૂપી વિદ્યામાં રહેલો મલિન સત્ત્વ ગુણવાળો, જેમાં પ્રિય, મોદ અને પ્રમોદ જેવી વૃત્તિઓ રહેલી હોય છે, તે આનંદમય કોશ કહેવાય છે.

- ગમતી વસ્તુનાં વિચાર કે દર્શનથી થતા આનંદને 'પ્રિય' કહેવાય છે.
- ગમતી વસ્તુની પ્રાપ્તિથી થતાં આનંદને 'મોદ' કહે છે.
- ગમતી વસ્તુનાં ભોગવટાથી થતા આનંદને 'પ્રમોદ' કહે છે.

एतत्कोशपंचकम् ।

આ પ્રમાણે પાંચ કોશો છે.

मदीयं शरीरं मदीया: प्राणा: मदीयं मनश्च मदीया बुद्धिर्मदीयं ज्ञानमिति स्वेनैव ज्ञायते । तद्यथा मदीयत्वेन ज्ञातं कटककुण्डलगृहादिकं स्वस्माद्भिन्नं तथा पंचकोशादिकं मदीयत्वेन ज्ञातमात्मा न भवति ।

આ પાંચ કોશો, 'મારું શરીર, મારા પ્રાણ, મારું મન, મારી બુદ્ધિ અને મારું અજ્ઞાન' એમ પોતાના વડે જ જણાય છે.

જેવી રીતે પોતાના વડે જણાયેલા કડું, કુંડલ અને ગૃહ... વગેરે પોતાનાથી ભિન્ન છે, તેવી રીતે આ પાંચ કોશો... વગેરે પણ મારાથી ભિન્ન છે, ...આત્મા નથી.

आत्मा तर्हि क: ।

ત્યારે, આત્મા કયો ?





सच्चिदानन्द स्वरुप: ।

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

सत्किम् ।

સત્ એટલે શું ?

कालत्रयेऽपि तिष्ठतीति सत् ।

ભૂત, વર્તમાન અને ભવિષ્ય - આ ત્રણેય કાળમાં જે અચલ છે, તે સત્ કહેવાય છે.

चित्किम् ।

ચિત્ એટલે શું ?

ज्ञानस्वरूप: ।

જ્ઞાન સ્વરૂપ તે ચિત્.

आनन्दः कः ।

આનંદ કયો ?

सुखस्वरूपः ।

સુખ સ્વરૂપ તે આનંદ.

एवं सच्चिदानंद स्वरूपं स्वात्मानं विजानीयात् ।

આ રીતે પોતાના આત્માને સચ્ચિદાનંદ સ્વરૂપ જાણવો.




## જગતની ઉત્પત્તિ

अथ चतुर्विंशतितत्त्वोत्पत्तिप्रकारं वक्ष्यामः ।
હવે ચોવીશ તત્ત્વોની ઉત્પત્તિની વાત કહેવાય છે.

ब्रह्माश्रया सत्त्वरजस्तमोगुणात्मिका माया अस्ति ।
બ્રહ્મનાં આશ્રયે સત્ત્વ ગુણ, રજો ગુણ
અને તમો ગુણ રૂપે માયા રહેલ છે.

ततः आकाशः सम्भूतः ।
આ માયામાંથી આકાશ જનમ્યું.





आकाशाद्वायुः ।

**આકાશમાંથી વાયુ ઉત્પન્ન થયો.**

वायोस्तेजः ।

**વાયુમાંથી તેજ (અગ્નિ) ઉત્પન્ન થયું.**

तैजस आपः ।

**અગ્નિમાંથી પાણી પેદા થયું.**

अद्भ्यः पृथिवी ।

**જલમાંથી પૃથ્વી ઉદ્ભવી**

एतेषां पंचतत्त्वानां मध्ये आकाशस्य सात्त्विकांशात्
श्रोत्रेन्द्रियं सम्भूतम् ।
આ પાંચ તત્વોમાંથી...
આકાશનાં સાત્વિક અંશમાંથી કાન બન્યા.

वायो: सात्त्विकांशात्त्वगिन्द्रियं सम्भूतम् ।
વાયુનાં સાત્વિક અંશમાંથી ત્વચા થઇ.

अग्ने: सात्त्विकांशाच्चक्षुरिन्द्रियं सम्भूतम् ।
અગ્નિનાં સાત્વિક અંશમાંથી આંખો બની.

जलस्य सात्त्विकांशाद्रसनेन्द्रियं सम्भूतम् ।
પાણીનાં સાત્વિક અંશમાંથી જીભ બની.



पृथिव्यां सात्त्विकांशात् घ्राणेन्द्रियं सम्भूतम् ।
પૃથ્વીનાં સાત્વિક અંશમાંથી નાક બન્યું. (ઘ્રાણેન્દ્રિય)

एतेषां पंचतत्त्वानां समष्टिसात्त्विकांशान्मनो
बुद्ध्यहंकारचित्तान्त:करणानि सम्भूतानि ।
આ પાંચ તત્ત્વોનાં, સમસ્ત સાત્વિક અંશમાંથી-
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ
ચાર અંતઃકારણ બન્યા.

संकल्पविकल्पात्मकं मन: ।
સંકલ્પ -વિકલ્પ થવા, એ મન છે.



निश्चयात्मिका बुद्धि: ।
નિર્ણય લેવો, તે બુદ્ધિ.

अहंकर्ता अहंकार: ।
'મેં કર્યું,' તે અહંકાર.

चिन्तनकर्तृ चित्तम् ।
ચિંતન કરે, તે ચિત્ત.



मनसो देवता चन्द्रमा: ।
મનનો દેવતા ચંદ્ર છે.

बुद्धेर्ब्रह्मा ।
બુદ્ધિનો દેવતા બ્રહ્મા છે.

अहंकारस्य रूद्र: ।
અહંકારનાં દેવતા શંકર છે.

चित्तस्य वासुदेव: ।
ચિત્તનાં દેવતા વિષ્ણુ છે.

एतेषां पंचतत्त्वानां मध्ये आकाशस्य
राजसांशात् वागिन्द्रियं सम्भूतम् ।
આ પાંચ તત્ત્વોમાંથી...
આકાશનાં રજોગુણી અંશમાંથી વાણી ઉપજી.

वायो: राजसांशात् पाणीन्द्रियं सम्भूतम् ।
વાયુનાં રજોગુણી અંશમાંથી હાથ બન્યા.

वह्नेः राजसांशात् पादेन्द्रियं सम्भूतम् ।
અગ્નિનાં રજોગુણી અંશમાંથી પગ બન્યા.

जलस्य राजसांशादुपस्थेन्द्रियं सम्भूतम् ।
પાણીનાં રજોગુણી અંશમાંથી જનનેન્દ્રિય બની.

पृथिव्या राजसांशात् गुदेन्द्रियं सम्भूतम् ।
પૃથ્વીનાં રજોગુણી અંશમાંથી ગુદા બની.

एतेषां समष्टि राजसांशात्पंचप्राणा: सम्भूता: ।
આ પાંચે તત્ત્વોનાં સમસ્ત રજોગુણી
અંશમાંથી પાંચ પ્રાણ બન્યા.



एतेषां पंचतत्त्वानां तामस अंशात् पंचीकृत
पंचतत्त्वानि भवन्ति ।
આ પાંચ તત્ત્વોનાં તમોગુણી અંશમાંથી
પાંચ પંચીકૃત સ્થૂળ તત્ત્વો બન્યા.

पंचीकरणं कथम् इति चेत् ।
પંચીકરણ કઈ રીતે થાય છે ?

एतेषां पंचमहाभूतानां तामसांशस्वरूपम् एकमेकं भूतं द्विधा विभज्य एकमेकमर्धं पृथक् तूष्णीं व्यवस्थाप्यापरमपरमर्धं चतुर्धा विभज्य स्वार्धमन्येषु अर्धेषु स्वभागचतुष्टयसंयोजनं कार्यम् । तदा पंचीकरणं भवति ।
આ પાંચ મહાભૂતોના તામસ અંશમાંથી એક એક સ્થૂળ ભૂતનાં બે ભાગ કરીને, એમાંના એક ભાગને પૃથક અકબંધ રાખીને, બાકીના અડધીયાનાં ચાર ભાગ કરીને, પોતાના અડધીયાને-બીજાનાં અડધીયામાં, પોતાના ચાર ભાગ વડે જોડવાનું કરે, ત્યારે પંચીકરણ થાય છે.



## દા.ત.

**પંચીકૃત આકાશ = ૧/૨ આકાશ +**
૧/૮ વાયુ + ૧/૮ અગ્નિ + ૧/૮ જળ +૧/૮ પૃથ્વી

**પંચીકૃત વાયુ = ૧/૨ વાયુ +**
૧/૮ આકાશ + ૧/૮ અગ્નિ + ૧/૮ જળ +૧/૮ પૃથ્વી


**પંચીકૃત અગ્નિ = ૧/૨ અગ્નિ +**
૧/૮ આકાશ + ૧/૮ વાયુ + ૧/૮ જળ +૧/૮ પૃથ્વી


**પંચીકૃત જળ = ૧/૨ જળ +**
૧/૮ આકાશ + ૧/૮ વાયુ + ૧/૮ અગ્નિ +૧/૮ પૃથ્વી

**પંચીકૃત પૃથ્વી = ૧/૨ પૃથ્વી +**
૧/૮ આકાશ + ૧/૮ વાયુ + ૧/૮ અગ્નિ +૧/૮ જળ

**एतेभ्य: पंचीकृतपंचमहाभूतेभ्य: स्थूलशरीरं भवति ।**

**આ રીતે, પંચીકૃત પાંચ મહાભૂતોમાંથી**
**સ્થૂળ શરીર બને છે.**



# જીવ-બ્રહ્મનું ઐક્ય

एवं पिण्डब्रह्माण्डयोरैक्यं सम्भूतम् ।
આ રીતે - પીંડ તથા બ્રહ્માંડનું ઐક્ય સંભવે છે.

स्थूलशरीराभिमानि जीवनामकं ब्रह्मप्रतिबिम्बं भवति ।
સૂક્ષ્મ શરીરમાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે છે, તે સ્થૂળ શરીર સાથે તાદાત્મ્ય અનુભવે ત્યારે, તેને ‘જીવ’ એ નામે ઓળખવામાં આવે છે.

स एव जीव: प्रकृत्या स्वस्मात् इश्वरं भिन्नत्वेन जानाति ।
આ જીવ, સ્વાભાવિકપણે જ
ઈશ્વરને - પોતાનાથી ભિન્ન જાણે છે.

अविद्या उपाधि: सन् आत्मा जीव: इति उच्यते ।
અવિદ્યાની ઉપાધિવાળો થવાથી
આત્મા ‘જીવ’ કહેવાય છે.





मायोपाधिः सन् ईश्वरः इत्युच्यते ।
માયારૂપ ઉપાધિવાળો થવાથી
આત્મા 'ઈશ્વર' કહેવાય છે.

एवमुपाधिभेदाज्जीवेश्वरभेददृष्टिर्यावत्पर्यन्तं तिष्ठति
तावत्पर्यन्तं जन्ममरणादिरूपसंसारो न निवर्तते ।
આવી - જીવ અને ઈશ્વર વચ્ચેની ભેદ દૃષ્ટિ
જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી જન્મ-મરણરૂપ
સંસાર નિવૃત્ત થતો નથી.

तस्मात्कारणात् जीवेश्वरयोर्भेदबुद्धिः न स्वीकार्याः ।
આ કારણથી, જીવ-ઈશ્વર વચ્ચે
ભેદ બુદ્ધિ સ્વીકારવા યોગ્ય નથી.

ननु साहंकारस्य किंचिज्ज्ञस्य जीवस्य निरहंकारस्य सर्वज्ञस्य ईश्वरस्य तत्त्वमसीति महावाक्यात्कथमभेदबुद्धिः स्यादुभयोः विरूद्धधर्माक्रान्तत्वात् ।

જીવ અહંકારી અને અલ્પજ્ઞ છે, જ્યારે ઈશ્વર અહંકાર રહિત તથા સર્વજ્ઞ છે, તો પછી - પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા જીવ અને ઈશ્વરની 'तत् त्वम् असि' મહાવાક્ય થકી અભેદબુદ્ધિ કેમ કરીને થાય ?

इति चेन्न ।

તમે શંકા કરો છો, એવું નથી.

स्थूलसूक्ष्मशरीराभिमानी त्वम्पदवाच्यार्थः ।
उपाधिविनिर्मुक्तं समाधिदशासम्पन्नं
शुद्धं चैतन्यं त्वम्पद लक्ष्यार्थ : ।

સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનાં અભિમાનવાળો જીવ 'त्वं' (તું) પદનો વાચ્યાર્થ છે અને ઉપાધિમુક્ત સમાધિદશા સંપન્ન શુદ્ધ ચૈતન્ય 'त्वं' (તું ) પદનો લક્ષ્યાર્થ છે.

एवं सर्वज्ञत्वादिविशिष्ट ईश्वर: तत्पदवाच्यार्थ: ।
આ જ રીતે સર્વજ્ઞપણું વગેરે વિશેષણવાળો ઈશ્વર
'तत्' (તે) પદનો વાચ્યાર્થ છે.

उपाधिशून्यं शुद्धचैतन्यं तत्पदलक्ष्यार्थ: ।
અને ઉપાધિરહિત શુદ્ધ ચૈતન્ય
'तत्' (તે) પદનો લક્ષ્યાર્થ છે.

एवं च जीवेश्वरयो: चैतन्यरूपेणाऽभेदे बाधकाभाव: ।
આમ, જીવ અને ઈશ્વરના ચૈતન્ય - અભેદ છે,
એમ સિદ્ધ થાય છે.

एवं च वेदान्तवाक्यै: सद्‍गुरुपदेशेन च सर्वेष्वपि भूतेषु
येषां ब्रह्मबुद्धिरुत्पन्ना ते जीवन्मुक्ता: इत्यर्थ: ।
આ રીતે સદ્‍ગુરુનાં ઉપદેશ-વચનો તથા વેદાંત
વાક્યોથી જેમને સર્વભૂતોમાં બ્રહ્મ બુદ્ધિ જન્મી છે,
તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

# જીવન્મુક્ત

ननु जीवन्मुक्त: क:।
(શંકા) ખરેખર જીવન્મુક્ત કોણ ?

यथा देहोऽहं पुरुषोऽहं ब्राह्मणोऽहं शूद्रोऽहमस्मीति
दृढ़निश्चय: तथा नाहं ब्राह्मण: न शूद्र: न पुरुष:
किन्तु असंग: सच्चिदानन्द स्वरूप: प्रकाशरूप:
सर्वान्तर्यामी चिदाकाशरूपोऽस्मीति दृढ़निश्चयरूप:
अपरोक्षज्ञानवान् जीवन्मुक्त: ।
જેવી રીતે 'હું દેહ છું', 'હું પુરુષ છું', 'હું બ્રાહ્મણ છું '
એવો દઢ નિશ્ચય અજ્ઞાનીને હોય છે.
એવો દઢ નિશ્ચય કે 'હું બ્રાહ્મણ નથી', 'હું શુદ્ર નથી',
'હું પુરુષ નથી' - પરંતુ 'અસંગ, સચ્ચિદાનંદ સ્વરૂપ,
પ્રકાશરૂપ, સર્વનો અંતર્યામી ચિદાકાશરૂપ છું'
એવો અપરોક્ષ જ્ઞાનવાન ખરેખર 'જીવન્મુક્ત' છે.



ब्रह्मैवाहमस्मीत्यपरोक्षज्ञानेन निखिलकर्मबन्ध
विनिर्मुक्त: स्यात् ।
‘હું બ્રહ્મ છું’ - એવા અપરોક્ષ જ્ઞાન વડે જ્ઞાની સમસ્ત
કર્મ બંધનોથી મુક્ત થાય છે.

कर्माणि कतिविधानि सन्तीति चेत् आगामिसंचित
प्रारब्धभेदेन त्रिविधानि सन्ति ।
કર્મો કેટલા પ્રકારનાં? એમ જો પૂછતાં હો તો સાંભળો.
કર્મો ત્રણ પ્રકારના છે :-
આગામી, સંચિત અને પ્રારબ્ધ.

ज्ञानोत्पत्त्यनन्तरं ज्ञानिदेहकृतं पुण्यपापरूपं
कर्म यदस्ति तदागामीत्यभिधीयते ।
જ્ઞાન થયા પછી જ્ઞાનીનાં દેહ વડે જે
પાપ-પુણ્ય થાય, તે આગામી કર્મ કહેવાય છે.





संचितं कर्म किम् ।

સંચિત કર્મ કયું ?


अनन्तकोटिजन्मनां बीजभूतं सत् यत्कर्मजातं
पूर्वार्जितं तिष्ठति तत्संचितं ज्ञेयम् ।
અનંત - કરોડો જન્મોનાં બીજરૂપ જે કર્મોનો સમુહ;
પહેલાનાં જન્મો દરમ્યાન સંપાદન કરેલ છે,
તે સંચિત કર્મ કહેવાય છે.

प्रारब्धं कर्म किमिति चेत् ।

પ્રારબ્ધ કર્મ કયા કયા ?

इदं शरीरमुत्पाद्य इह लोके एवं सुखदुःखादिप्रदं
यत्कर्म तत्प्रारब्धं भोगेन नष्टं भवति ।
प्रारब्धकर्मणां भोगादेव क्षयं इति ।
આ શરીર પેદા કરીને જીવન દરમ્યાન સુખ-દુઃખ
આપનારા કર્મ, તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. પ્રારબ્ધ
કર્મોનો ક્ષય ભોગવવાથી જ થાય છે.

संचित कर्म ब्रह्मैवाहमिति निश्चयात्मकज्ञानेन नश्यति ।
સંચિત કર્મ 'હું બ્રહ્મ છું' એવા દૃઢ નિશ્ચયવાળા
જ્ઞાનથી નાશ પામે છે.



आगामि कर्म अपि ज्ञानेन नश्यति किंच आगामिकर्मणां नलिनीदलगतजलवत् ज्ञानिनां सम्बन्धो नास्ति ।

આગામી કર્મો પણ 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનથી નાશ પામે છે. અર્થાત્ જેમ કમળની પાંખડી પર રહેલું પાણી એને સ્પર્શ કરતું નથી, એમ જ્ઞાનીને આગામી કર્મો સાથે સંબંધ નથી.

किंच ये ज्ञानिनं स्तुवन्ति भजन्ति अर्चयन्ति तान्प्रति ज्ञानिकृतं आगामि पुण्यं गच्छति ।

ઉપરાંત, જેઓ આત્મજ્ઞાનીની સ્તુતિ કરે છે કે સેવા પૂજા કરે છે, તેમના તરફ જ્ઞાનીનું આગામી પુણ્ય જાય છે.

ये ज्ञानिनं निन्दन्ति द्विषन्ति दुःखप्रदानं कुर्वन्ति तान्प्रति ज्ञानिकृतं सर्वमागामि क्रियमाणं यदवाच्यं कर्म पापात्मकं तद्गच्छति ।

અને જેઓ જ્ઞાનીની નિંદા કરે કે દ્વેષ કરે કે દુઃખ આપે... તેમના પ્રતિ જ્ઞાનીનું આગામી પાપકર્મ જાય છે.



तथा च आत्मवित्संसारं तीर्त्वा ब्रह्मानन्दमिहैव प्राप्नोति ।
આ રીતે, સંસાર તરી ગયેલો આત્મજ્ઞાની અહીં જ
બ્રહ્માનંદને પામે છે.

'तरति शोकम् आत्मवित्' इति श्रुते : ।।
શ્રુતિમાં પણ કહ્યું છે કે-આત્મજ્ઞાની શોકને તરી જાય છે.

''तनुं त्यजतु वा काश्यां श्वपचस्य गृहेऽथवा ।
ज्ञानसम्प्राप्तिसमये मुक्तोऽसौ विगताशय: ।।''
इति स्मृतेश्च ।।
આત્મજ્ઞાની કાશીમાં દેહ છોડે કે ચાંડાલનાં ઘરે... તે
મુક્ત જ છે એમ સ્મૃતિ પણ કહે છે.

इति श्रीमद् परमहंस परिव्राजकाचार्य श्रीमद् शंकराचार्य
विरचित: श्री तत्त्वबोध: संपूर्ण : ।।
આ રીતે, શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત તત્ત્વબોધ
સમાપ્ત.



# • ૐ શ્રી સદ્‌ગુરુ સંદેશ •

❖ પ્રશ્ન કે પીડા ઊઠે ત્યારે એના કારણ અથવા નિવારણ માટે આત્મજ્ઞાની પ્રબુદ્ધ પાસેથી માર્ગદર્શન લેવું.

❖ આવા સંયોગ ન હોય તો વિદ્વાનની સલાહ લેવી. વિદ્વાન એને કહેવાય કે જેના રાગ-દ્વેષ મોળા પડ્યા હોય.

❖ વિદ્વાન પણ અપ્રાપ્ય હોય ત્યારે ડાહ્યા માણસના સૂચનો સાંભળવા. ડાહ્યો માણસ એ ગણાય કે જેમાં રાગદ્વેષ હોય પણ નિર્ણય રાગદ્વેષથી પર થઈને લેતો હોય.

❖ ડાહ્યો માણસ પણ ન મળે તો પોતાના હિતેચ્છુની વાત માનવી. જે આપણું ભલુ ઈચ્છતો હોય તે આપણો હિતેચ્છુ ગણાય.

❖ કોઈ હિતેચ્છુ પણ ન મળે ત્યારે સ્વજનને પૂછવું. સ્વજન એટલે જે આપણને ચાહતા હોય તે.

❖ જ્યારે સ્વજન પણ ન હોય ત્યારે સ્નેહીને વાત કરવી. સ્નેહી એટલે જેને તમે ચાહતા હોય તે.

❖ ...આમાંથી કોઈપણ પ્રાપ્ય ન હોય ત્યારે આંતરબાહ્ય શૌચ પછી, મન શાંત કરી, પ્રભુનું સ્મરણ કરી, પ્રાર્થના કરવી કે મારા માટે જે કર્તવ્ય હોય તે દેખાડો.

॥ જય અસ્ત્રાગાચલ ॥

Arunachala !
Thou dost root out
the ego of those who meditate
on Thee in the heart,
Oh Arunachala !

